ગાંધીનગર સમાચાર

# સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરના પટાવાળા પર હૂમલો થતા ચકચાર

## રાત્રીના સમયે સિવિલમાં ઘુસીને ઓન ડ્યુટી કર્મચારી સાથે મારામારી થતા મહિલા કર્મચારીઓમાં ફફડાટ

પાલનપુર, તા. ૨

પાલનપુર શહેર પોલીસના રાજમાં અસામાજીક તત્વો ફાટીને ધુમાડે ગયા છે. અને અસામાજીક તત્વોએ કરેલા હૂમલાને પગલે ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં આઉટ સોર્સીંગમાં પટાવાળા તરીકે ચંગવાડા ગામનો જીતેન્દ્ર વાલાભાઈ ચૌહાણ ફરજ બજાવે છે. તેના જણાવ્યા મુજબ ગતરાત્રે એક ઠાકોર દર્દી આવ્યો હતો. તેની સારવાર ટાણે સિવિલના ટ્રોમા સેન્ટરમાં ધસી આવેલા રમેશ વાલાભાઈ સલાટ અને તેના સાગરીતોએ પટાવાળા જીતેન્દ્ર ચૌહાણ પર હીચકારો હૂમલો કરતા ચકચાર મચી ગઈ હતી. સિવિલમાં સીક્યુરીટીની તૈનાતગીરી વચ્ચે સિવિલમાં રાત્રીના સમયે ફરજ બજાવતા સ્ટાફની હાજરીમાં આ પ્યુનને અસામાજીક તત્વોએ ગડદાપાટુ સહીતનો ઢોર માર મારતા તેને શરીરના ભાગે ઈજાઓ થઈ હતી. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જોકે, સિવિલ હોસ્પિટલમાં સેવા બજાવતા ઓનડ્યુટી પ્યુન પર રાત્રીના સમયે થયેલા હૂમલાના સિવિલ સ્ટાફમાં પણ ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. અવાર-નવાર હપ્તાના હડમાલામાં વ્યસ્ત પોલીસના રાજમાં નિરકુંશ બનેલા અસામાજીક તત્વો હવે સરકારી ઈમારતોમાં ઘુસી જઈ બિન્દાસ બની ઓનડ્યુટી કર્મચારીઓ પર હૂમલો કરી પોલીસને પડકાર ફેંકતા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ગત રાત્રે ટ્રોમા સેન્ટરમાં જઈ ઓનડ્યુટી પટાવાળા પર સિવિલમાં ઘુસી જઈ સ્ટાફ સાથે શાબ્દિક સહીતના થતા હૂમલાને લઈને મહિલા કર્મચારીઓની સલામતી સામે ગંભીર સવાલો પેદા થયા છે. ત્યારે જિલ્લા કલેક્ટરે આ બાબતે અંગત રસ દાખવી સિવિલ સ્ટાફની સલામતી માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરે તેવી માંગ જોર પકડી રહી છે.



### સિવિલમાં સી.સી. ટી.વી. કેમેરા લાગશે ખરા ?

પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સીક્યુરીટીની તૈનાતગી વચ્ચે આયેદિન ચોરી-ચકારી અને મારામારીના બનાવો બનતા જાય છે. તાજેતરમાં બી.એસ.એફ.ના જવાનોના મોબાઈલ ચોરી અને નવજાત બાળકની અદલા-બદલીની ઘટના સહીત નાની મોટી ઘટનાઓ ઘટતી રહે છે. ત્યારે પાલનપુર સિવિલ હોસ્પિટલ જેવી જાહેર મિલ્કતમાં આવી ઘટનાઓને રોકવા માટે સી.સી. ટીવી કેમેરા કેમ લગાવાતા નથી ? તે પ્રશ્ન ચર્ચાની એરણે ચડ્યો છે. સીસીટીવી કેમેરા લગાવવામાં સિવિલના સત્તાવાળાઓના પેટમાં શું દુઃખે છે તેવા અણીયાળા સવાલ ચર્ચાસ્પદ બન્યા છે.

### ધણીધોરી વિનાનું સિવિલનું તંત્ર બન્યું બખડજંતર

પાલનપુર સિવિલ હોસ્પિટલના ઈન્ચાર્જ સિવિલ સર્જનના રાજમાં સિવિલ હોસ્પિટલનો વહીવટ ધણીધોરી વિનાનો રામભરોસે ચાલતો હોવાનો અહેસાસ ખુદ દર્દીઓ વ્યક્ત કરી રહ્યા છે. પાલનપુર સિવિલમાં ફરજ બજાવતો સ્ટાફ ખુદ અસલામતી મહેસુસ કરી રહ્યો છે. સિવિલમાં છાશવારે બનતી ઘટનાઓને ખુદ સિવિલના સત્તાવાળાઓ નજર અંદાજ કરી રહ્યાં છે. અત્યાર સુધીમાં બનેલી ઘટનાઓ પરત્વે કોઈ કડક પગલાં ભરાયા નથી. સ્ટાફને સધિયારો આપી પોલીસ ફરીયાદ નોંધાવવા માટે પણ પહેલ કરાતી નથી. જે તે બનાવ ટાણે સામેલ કર્મચારીને જાતે જ ભોગવવાનો વારો આવે છે. જેથી હવે સિવિલનો સ્ટાફ પણ સિવિલમાં વ્યાપ્ત બદીઓ સામે આંખ આડા કાન કરી પોતાની જાત બચાવીને ચાલે છે. સરવાળે આરોગ્ય સેવા સહીત સિવિલનો વહીવટ વગોવાઈ રહ્યો છે.

# અરવલ્લી જિલ્લાના કોંગ્રેસ કાર્યાલય પર હોબાળો

## મેઘરજ ધારાસભ્ય તથા કોંગ્રેસ પ્રમુખની મનમાની કરવામાં આવી રહી હોય તેવી કાર્યકરોની લાગણી : ૨૦૦થી વધુ કાર્યકરોએ અરવલ્લી જિલ્લા કોંગ્રેસ કાર્યાલય પર જઈ હોબાળો મચાવ્યો





અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડધમ વાગી ચુક્યા છે. ત્યારે જિલ્લામાં કેટલાક સ્થળોએ ટીકીટ ફાળવણીના મુદ્દે કોંગ્રેસ કાર્યકરોમાં કચવાટ ઉભો થતા કાર્યકરો આ પાર કે પેલે પારના મૂળમાં આવી ગયા છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં જિલ્લા પંચાયતની બેઠકો અને તાલુકા પંચાયતની બેઠકો પર ઉમેદવારોને ટીકીટ ફાળવણીમાં સ્થાનિક ધારાસભ્ય અનિલભાઈ જોષીયારા અને તાલુકા કોંગ્રેસ પ્રમુખ દ્વારા મનમાની કરવામાં આવી રહી હોવાથી લાગણી સાથે વર્ષોથી કોંગ્રેસને સમર્પિત એવા કાર્યકરોની અવગણના કરવામાં આવતા મેઘરજ જિલ્લા પંચાયત સીટના પૂર્વ સદસ્ય જતીનભાઈ પંડ્યાની આગેવાની હેઠળ તાલુકાના ૨૦૦થી વધુ કાર્યકરોએ અરવલ્લી જિલ્લા કોંગ્રેસ કાર્યાલય પર જઈ હોબાળો મચાવ્યો હતો અને પોતાની રજુઆત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સમક્ષ રજુ કરી આ મામલે યોગ્ય કરવા જણાવ્યું હતું.



ઉત્તર ગુજરાતના બનાસકાંઠાના પાલનપુર હાઈવે ઉપર એક અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક લકઝરી બસને અજાણ્યા વાહને ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ભયંકર હતી કે જેનાથી લકઝરીના એક ભાગનો ભુક્કો બોલાઈ ગયો હતો. મળતી માહિતી પ્રમાણે આ અકસ્માત સોમવારે વહેલી સવારે થયો હતો. આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય પાંચ જણાને સારવાર અર્થે હોસ્પિટલ મોકલવામાં આવ્યા હતા. મળતી માહિતી પ્રમાણે અભિષેકસિંહ જીતેન્દ્રસિંહ (ઉં.વ. ૨૫), મનીષ કમલભાઈ ગુપ્તા (ઉં.વ. ૨૭), કિશન ગોવિંદલાલ રાઠી (ઉં.વ. ૩૯), માસુમબેન રસુલભાઈ પઠાણ (ઉં.વ. ૬૦) અને લક્ષ્મીબેન પ્રેમરાજભાઈ મારવાડી (ઉં.વ. ૬૫) છે. આ ઉપરાંત ઘનશ્યામ બાબુલાલ વચેટિયા (ઉં.વ. ૨૫)નું મોત નીપજ્યું હતું.

# અરવલ્લી જિલ્લામાં દારૂના જુદા જુદા કેસોમાં આરોપી ૪ બુટલેગરો પાસા હેઠળ તડીપાર

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લામાં વિદેશી દારૂના વહનના અનેક ગુનાઓમાં સંકળાયેલા ચાર બુટલેગર ઈસમોની જિલ્લા એલસીબી પોલીસે પાસા હેઠળ અટકાયત કરી પાસાની સઘન કાર્યવાહી હાથ ધરી તમામને અન્ય જિલ્લાની જેલમાં મોકલી આપવામાં આવ્યા છે.

ગાંધીનગર રેન્જ આઈ.જી. તરફથી આરોપીઓ સામેના અટકાયતી પગલાની કામગીરી કરવા રેન્જમાં આવતા જિલ્લા પોલીસ વડાઓને સૂચના આપવામાં આવી હતી. જેને પગલે અરવલ્લી જિલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ અરવલ્લી જિલ્લા મેજીસ્ટ્રેટ સમક્ષ ચાર બુટલેગરો સામે પાસાની દરખાસ્ત કરવામાં આવી હતી. જિલ્લા મેજીટ્રેટે મંજુરી આપતા અરવલ્લી જિલ્લા એલસીબી ટીમે નાના ચિલોડા-અમદાવાદના કુલવિંદ રસીંગ દલબિરસીંગ શીખને પોરબંદર જેલ, ઠક્કર બાપાનગર અમદાવાદના વિજય ઉર્ફે વિજુ સુરેશકુમાર આયદાસાનીને જુનાગઢ જેલ, નાના-ચિલોડા અમદાવાદના ઓમપ્રકાશ ઉર્ફે ગોપાલી લાલચિંદ ટેકવાણી, લાજપોલ સુરત મધ્યસ્થ જેલ, અને નાના-ચિલોડા અમદાવાદના કમલેશ ગુરૂમુખદાસ ચાવલાને વડોદરા મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા.

# વડોદરાના જરોદ સ્થિત યુનિવર્સમાં એન્જીનીયરીંગના વિવિધ પ્રોજેક્ટના ડિસપ્લે રજુ કરાયા

ઈસરી, તા. ૨

અરવલ્લી જિલ્લાના વડોદરા ખાતે આઈ.ટી.એમ. યુનિવર્સ એન્જીનીયરના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા ૧૦૦ જેટલા વિવિધ પ્રોજેક્ટોનો ડીસપ્લે રાખવામાં આવ્યો છે. મેઘરજના રહીશ કિસન બિપીનભાઈ મહેતા, રોમેશ સવાની તથા કુપલ બ્રહ્મભટ્ટ દ્વારા પ્રોફેસર આકાશ દુબેના માર્ગદર્શન હેઠળ હવાના પ્રેસરથી ચાલતા મોટર સાઈકલ એન્જીનને સ્વીકાર કર્યો હતો. ઘણી સહેલાઈથી બનાવી શકાતા આ એન્જીનમાં મેઈન્ટેન્સ ઓછું આવે છે. અને તેના પરફોર્મ્સમાં ઘણો વધારો કરી શકાય છે. તેટલું જ નહી વાતાવરણમાં પ્રદૂષણ પણ ઓછુ થાય છે. વડોદરા નજીક જરોત ખાતે આવેલી આઈ.ટી.આઈ. યુનિવર્સમાં વિદ્યાર્થીઓએ અભ્યાસના ભાગરૂપે તૈયાર કરેલ વિવિધ પ્રોજેક્ટના ડીસપ્લે આયોજન કરવામાં આવ્યું હતું. કિસન મહેતા સહીતના એન્જીનીયર વિદ્યાર્થીઓએ હવામાં ચાલતુ મોટર બાઈક એન્જીન અને ઈલેક્ટ્રોનિક મલ્ટી સ્ટોરી પાર્કિંગનું આકર્ષણ જમાયું હતું. સાથે સાથે આ પ્રોજેક્ટમાં ઈલેક્ટ્રીકલ કોમ્પ્યુટર, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન મિકેનિકલ અને સિવિલ વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ રજુ કરયા હતા.

# દિયોદર યુજીવીસીએલના નાયબ ઈજનેર પાંચ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાયા

## બોરવેલની વીજ કનેક્શન માટેની અરજીની કામગીરી આગળ ધપાવા ખેડૂત પાસે માંગણી કરી હતી

દિયોદર, તા. ૨

બનાસકાંઠા જિલ્લાના દિયોદર યુજીવીસીએલ વિભાગ-૨ના સબ ડીવીઝનના નાયબ ઈજનેર આજે પાંચ હજારની લાંચ લેતા પાટણ એસીબીના હાથે ઝડપાતા લાંચીયા અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

જાણવા મળતી માહિતી મુજબ દિયોદર તાલુકાના લુદ્રા ગામે રહેતા દેસાઈ ભગાભાઈ બીજલભાઈએ તેમના ખેતરમાં વિજ લાઈનની જરૂર હોઈ બોરવેલના વિજ કનેક્શન અંગેની



અરજી કરી હતી. જે અંગેની ફરિયાદ પાટણ એસીબીમાં નોંધાવતા એસીબી પી.આઈ. પી. જે. ચૌધરી તેમના સ્ટાફ સાથે આજે યુજીવીસીએલ કચેરી ખાતે છટકું ગોઠવ્યું હતું.

જેમાં ખેડૂત પાસેથી પાંચ હજાર રૂપિયા પોતાના ચેમ્બરમાં સ્વીકારતા એસીબીએ રંગેહાથ ઝડપી પાડ્યા હતા અને લાંચ રૂશ્વતનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે આજે દિયોદરમાં એસીબી ટેપ થતા લાંચીયા અધિકારીમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

# ધાનેરાથી વિખુટા પડેલા બિલાડીના બચ્ચાને એક પરિવારે આપ્યું જીવતદાન

## પરિવારની નાની બાળકી અને બિલાડીનો અનોખો પ્રેમ

ધાનેરા, તા. ૨

કદાચ આપે કહેવત તો સાંભળી હશે કે રામ રાખે તેને કોણ ચાખે.. આ કહેવત પુરવાર થઈ. આ એક નાનકડા બિલાડીના બચ્ચા પર જોઈએ આ નાનકડા બિલાડીના બચ્ચા માસુમ બાળકની દોસ્તીની અનોખી કહાની.

બનાસકાંઠાના ધાનેરા ખાતે એક મકાનમાં થોડા દિવસ પહેલા એક બિલાડીએ ત્રણ બચ્ચાને જન્મ આપ્યો હતો. પરંતુ જન્મ આપ્યાના થોડાજ સમય પછી બિલાડી પોતાના બે બચ્ચાને લઈ ત્યંથી ક્યાંક ચાલી ગઈ હતી અને આ એક બચ્ચાને મુકી જતા આ બચ્ચું મા થી વિખુટુ પડી ગયું હતું. જ્યારે આ ઘરના પરિવારે આ બચ્ચાને જોયું તો બચ્ચું એકદમ નાજુક હાલતમાં હતું ત્યાર બાદ આ પરિવાર દ્વારા બિલાડીની શોધખોળ હાથ ધરવામાં આવી હતી પરંતુ બિલાડી ન મળતા આ પરિવારે આ બચ્ચાને ઉછેરવાનો સંકલ્પ કર્યો હતો અને આ પરિવાર બચ્ચાના દેખરેખમાં લાગી ગયું હતું અને બચ્ચાને દૂધ પીવડાવવાની પણ પુરી કાળજી લઈ બચ્ચાને નવો જન્મ આપ્યો હતો. ત્યાર બાદ આજે પંદર દિવસ બાદ નાનકડુ બચ્ચુ દોડતુ થયું અને દોડતા થયાની સાથે જ આ પરિવારના એક નાનકડા બાળક સાથે મળી ગયું હતું. ત્યારે હવે આ બાળકને બચ્ચા વગર નથી ચાલતું તો બચ્ચાને બાળક વગર નથી ચાલતું. બચ્ચાને ગમે ત્યાં મુકો પણ જ્યાં સુધી આ બચ્ચુ બાળકને નથી જોતું ત્યાં સુધી બેસતુ પણ નથી અને બાળક અને બચ્ચું ભેગા થતાની સાથે જ આનંદમાં આવી જાય છે અને જાણે એમને કોઈ ગયા જનમનો નાતો હોય તેમ એક બીજામાં ભળી જાય છે અને આ બિલાડીનું બચ્ચું પણ આ પરિવારમાં



એક સભ્યની જેમ ભળી ગયું હતું.

કુદરત જ્યારે કોઈને જન્મ આપે છે ત્યારે તેની સાથે સાથે તેના ઉછેરની પણ જવાબદારી લઈને જ દુનિયામાં મુકે છે. જેમ કે આ બચ્ચાને તેની માતાનો સાથ તો છુટી ગયો પણ આ બચ્ચાની મોત કુદરતને મંજુર ન હતુ તે માટે આ બચ્ચાને આ પરિવારનો સહારો મળી ગયો.

# મહેસાણામાં પુસ્તકોની જાળવણી પર સેમિનાર યોજાયો

મહેસાણા, તા. ૨

પુસ્તકો એ સમાજની દિવાદાંડી છે અને તે સમગ્ર માનવ જીવનને એક નવો રાહ ચિંધે છે. અને તેથી જ દરેક ઘરમાં સારા પુસ્તકો હોવા અત્યંત આવશ્યક છે તેમ જિલ્લા કલેક્ટર શ્રી લોચન શહેરાએ આજે અત્રે જણાવ્યું હતું.

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગ્રંથાલય ખાતુ, રાજ્ય, રાજ્ય કેન્દ્રિય અનામત ગ્રંથભંડાર મહેસાણાના ઉપક્રમે ગ્રંથાલયમા પુસ્તોની જાળવણી ઉપર એક સેમિનાર યોજાઈ ગયો જેનું ઉદ્‌ઘાટન જિલ્લા કલેક્ટર લોચન શેહરાએ કર્યું હતું. આ પ્રસંગે ગ્રંથાલય નિયામક કૌશિક શાહ તથા મદદનીશ ગ્રંથાલય નિયામક શ્રી જે.કે. ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર લોચન શેહરાએ વધુમાં જણાવ્યું

### પુસ્તકો એ સમાજની દિવાદાંડી છે : જિલ્લા કલેક્ટર લોચન શહેરા

હતું કે દરેક વ્યક્તિ પુસ્તકો ખરીદી શકતી નથી અને તે માટે તેને પુસ્તકાલયોનો સહારો અચુક લેવો પડે છે. અને તેના દ્વારા જ તે પ્રગતીના શિખરો સર કરે છે. અત્યારના યુવાનોને માહિતી મેળવવા માટે ખાસ મહેનત કરવી પડતી નથી. તેમને દરેક માહિતી ઈન્ટરનેટના માધ્યમ દ્વારા તુરતજ પ્રાપ્ત થાય છે. આ સંજોગોમાં અલભ્ય પુસ્તકોનું ડિઝીટેલાઈઝેશન થાય તે જરૂરી છે અને તે માટે સરકારે કામગીરી હાથ ધરેલ છે. તેમ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે ગ્રંથપાલ નિયામક કૌશિક શાહે મુખ્ય મહેમાન પદેથી બોલતાં જણાવ્યું હતું કે દરેક ગ્રંથાલયો એ ઓછા વંચાતા અને જુના પુસ્તકોનો અલગ રીતે સંગ્રહ કરવો જરૂરી છે. જેથી નવા પુસ્તકોને સમાવી શકાય. અને કેટલાક દુર્લભ પુસ્તકોને સાચવવા માટે રસાયણીક ઉપકરણોની પણ સહાય લેવામાં આવે છે અને આવા પુસ્તકોના અભ્યાસ દ્વારા સંશોધકો પીએચડી અને અન્ય ડિગ્રીઓ પ્રાપ્ત કરી શકે છે. એટલું જ નહિ દેશ વિદેશમાંથી પણ વિદ્યાર્થીઓ તેનો અભ્યાસ કરવા માટે આવે છે. આ એક દિવસીય કાર્ય શાળામાં પુસ્તકોની જાળવણી, તેનો નિભાવ ગોઠવણી, ડિઝીટેલાઈઝેશન જેવા અનેક વિષયો ઉપર નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.





# વડગામના મેતા ગામે ગેસ રીફીલીંગ કરવાનું કૌભાંડ ઝડપાયું : ૧ની અટકાયત

વડગામ, તા. ૨

એક તરફ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર છેવાડાના વ્યક્તિ સુધી રાંધણ ગેસ થકી સુવિધા પહોંચાડવાના હજ્જારો પ્રયાસ કરી રહી છે. ત્યારે બનાસકાંઠાના વડગામના મેતા ગામથી ગેસનું ગેર કાયદેસર રીફીલીંગ કરનારા યુવકની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

એક તરફ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા છેવાડાના માનવીની સવલત માટે હજ્જારો નીતિઓ અને યોજનાઓ અમલી બનાવાય છે. તો બીજી તરફ પૈસા મેળવવાની લ્હાયમાં માનવીઓ આજે પણ કાળો કારોબાર ચલાવતા હોવાનું બહાર આવ્યું છે. બનાસકાંઠાના વડગામના મેતા ગામે ગત મોડી રાત્રીએ છાપી પોલીસને મળેલી બાતમીને આધારે રેડ કરતા ગેસનું રીફીલીંગ કરનારા આરોપીને ગેસના બોટલના વિપુલ જથ્થા સાથે ૧ આરોપીની રંગેહાથ અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. વડગામના મેતા ગામે મંદિરની બાજુમાં સુરેશ પ્રજાપતિ નામનો યુવક છેલ્લા કેટલાક સમયથી રિલાયન્સ ગેસની બોટલોનો આ ગોરખ ધંધો કરતો હતો. જો કે પોલીસ દ્વારા આ આરોપી પાસેથી ૫૯ બોટલ ઝડપી છે. આરોપી દ્વારા રાંધણ ગેસની આ બોટલો થકી વાહન ચાલકોને ગેર કાયદેસર રીતે ગેસ ભરી આપતો હતો. જો કે આ માટે વપરાતા સાધનો સહીત આરોપી યુવકની છાપી પોલીસ દ્વારા અટકાયત કરી છે.